દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૪ જુલાઈ, ૨૦૨૬

# મ્યાનમારના લોહિયાળ સંઘર્ષ પર ભારત ધ્યાન રાખે તે જરૂરી, શરણાર્થીઓ ઘૂસવાનો ખતરો

ભારતના પડોશી દેશ મ્યાનમારમાં લાંબા સમયથી ચાલી રહેલી અરાજકતા અને હિંસા હવે અત્યંત ભયાનક સ્તરે પહોંચી ગઈ છે. તાજેતરમાં રાખાઈન પ્રાંતમાં મ્યાનમારની સૈન્ય સરકાર (જુન્ટા સેના) અને બળવાખોર જૂથ 'અરાકાન આર્મી' વચ્ચે થયેલો લોહિયાળ સંઘર્ષ આ વાતની સાબિતી છે. સૈન્ય શાસન દ્વારા વસ્તી ધરાવતા વિસ્તારોમાં બે ડઝન જેટલા બોમ્બ ઝીંકવામાં આવ્યા, જેના કારણે સમગ્ર પંથક ધ્રુજી ઉઠ્યો છે. આ આકાશી હુમલા અને તેનાથી સર્જાયેલી દહેશત માત્ર મ્યાનમાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેની સીધી અસર પાડોશી દેશો- ભારત અને બાંગ્લાદેશની આંતરિક સુરક્ષા તથા સ્થિરતા પર પણ પડી રહી છે. બાંગ્લાદેશે તેની સરહદો પર હાઈએલર્ટ જાહેર કરવું પડ્યું છે તે દર્શાવે છે કે સ્થિતિ કેટલી નાજુક છે. વર્ષ ૨૦૨૧માં મ્યાનમારમાં લોકશાહી ઢબે ચુંટાયેલી સરકારને ઉથલાવીને સૈન્યે સત્તા કબજે કરી ત્યારથી આ દેશ સતત હિંસાની આગમાં સળગી રહ્યો છે. મ્યાનમારની જનતા અને વિવિધ વંશીય સશસ્ત્ર સંગઠનો સૈન્ય શાસન સામે આરપારની લડાઈ લડી રહ્યા છે. રાખાઈન પ્રાંતમાં સક્રિય 'અરાકાન આર્મી' સૈન્યને જોરદાર ટક્કર આપી રહી છે અને તેના કારણે બોખલાયેલી જુન્ટા સેનાએ હવે હવાઈ હુમલાઓનો આશરો લીધો છે. પોતાના જ નાગરિકો પર બોમ્બમારો કરવો એ કોઈપણ સાર્વભૌમ સરકાર માટે શરમજનક બાબત છે. આ હુમલાઓમાં નિર્દોષ નાગરિકો માર્યા જઈ રહ્યા છે, હજારો લોકો બેઘર બન્યા છે અને માનવીય સંકટ વધુ ઘેરું બન્યું છે. સૈન્ય શાસન પોતાની સત્તા બચાવવા માટે કોઈપણ હદે જવા તૈયાર છે, જે મ્યાનમારને સંપૂર્ણપણે વિનાશ તરફ ધકેલી રહ્યું છે. મ્યાનમારની આ કટોકટીમાં વૈશ્વિક સંગઠનો અને આંતરરાષ્ટ્રીય સમુદાયની ભૂમિકા અત્યાર સુધી નિરાશાજનક રહી છે. સંયુક્ત રાષ્ટ્ર (UN) અને અન્ય શક્તિશાળી દેશો માત્ર નિવેદનો અને આર્થિક પ્રતિબંધો સુધી મર્યાદિત રહ્યા છે. બીજી તરફ, ચીન જેવા દેશો પોતાના આર્થિક અને વ્યૂહાત્મક હિતો ખાતર મ્યાનમારના સૈન્ય શાસનને પરોક્ષ રીતે મદદ કરી રહ્યા છે, જેનાથી જુન્ટા સેનાનું મનોબળ વધી રહ્યું છે. દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોના સંગઠન 'આસિયાન' (ASEAN) દ્વારા શાંતિ સ્થાપવાના પ્રયાસો પણ અત્યાર સુધી નિષ્ફળ સાબિત થયા છે. ભારત માટે આ સ્થિતિમાં સંતુલિત અને મજબૂત વિદેશ નીતિ અપનાવવી અનિવાર્ય છે. ભારત મ્યાનમારમાં લોકશાહીની પુનઃસ્થાપનાનું સમર્થક છે, પરંતુ સાથે જ સરહદી સુરક્ષા અને વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સ (જેમ કે કલાદાન મલ્ટી-મોડલ ટ્રાન્ઝિટ પ્રોજેક્ટ) ના રક્ષણ માટે તેણે મ્યાનમારની સેના સાથે પણ સંપર્ક રાખવો પડે છે. જો કે, હવે સમય આવી ગયો છે કે ભારતે બાંગ્લાદેશ અને અન્ય પ્રાદેશિક દેશો સાથે મળીને મ્યાનમાર પર રાજદ્વારી દબાણ વધારવું જોઈએ જેથી હિંસાનો અંત આવી શકે.

મ્યાનમારનો આંતરવિગ્રહ હવે માત્ર એક દેશની આંતરિક બાબત રહ્યો નથી, પરંતુ તે સમગ્ર દક્ષિણ એશિયાની શાંતિ અને સ્થિરતા માટે મોટો પડકાર બની ગયો છે. જો સૈન્ય શાસન દ્વારા નાગરિકો પર આવા જ અત્યાચારો ચાલુ રહેશે, તો પ્રદેશમાં માનવીય અને સુરક્ષા સંબંધિત સંકટ અંકુશ બહાર જઈ શકે છે. પડોશી દેશોએ પોતાની સરહદો સુરક્ષિત કરવાની સાથે-સાથે મ્યાનમારમાં સ્થિરતા લાવવા માટે વધુ સક્રિય અને સંકલિત ભૂમિકા ભજવવી જ પડશે. મ્યાનમારની ભૌગોલિક સ્થિતિ એવી છે કે ત્યાં થતી કોઈપણ હલચલ પડોશી દેશોને પ્રભાવિત કર્યા વિના રહેતી નથી. ભારત અને બાંગ્લાદેશ બંને દેશો મ્યાનમાર સાથે લાંબી સરહદો વહેંચે છે. રાખાઈન પ્રાંતમાં વધી રહેલી હિંસાને કારણે સૌથી મોટો ખતરો શરણાર્થીઓની કટોકટીનો છે. ભૂતકાળમાં પણ લાખો રોહિંગ્યા મુસ્લિમોએ હિંસાથી બચવા બાંગ્લાદેશ અને ભારતમાં આશરો લીધો હતો. વર્તમાન હુમલાઓને કારણે ફરી એકવાર મોટા પાયે સરહદ પાર પલાયન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે બાંગ્લાદેશે સરહદ પર સૈન્ય તૈનાતી વધારવી પડી છે. ભારત માટે પણ આ સ્થિતિ અત્યંત સંવેદનશીલ છે. મ્યાનમાર સાથે ભારતની સરહદ ખુલ્લી અને પહાડી છે. મ્યાનમારમાં અસ્થિરતાનો લાભ લઈને પૂર્વોત્તર ભારતના બળવાખોર જૂથો ત્યાં આશ્રય મેળવી શકે છે. આ ઉપરાંત, મ્યાનમારમાંથી ભારતના મિઝોરમ અને મણિપુર જેવા રાજ્યોમાં ગેરકાયદેસર ઘૂસણખોરી, હથિયારો અને ડ્રગ્સની તસ્કરી વધવાનું જોખમ પણ બમણું થઈ ગયું છે. મણિપુરમાં પહેલેથી જ વંશીય તણાવ ચાલી રહ્યો છે, ત્યારે સરહદ પારની આ અરાજકતા બળતામાં ઘી હોમવાનું કામ કરી શકે છે.

# તામિલનાડુમાં ઘણું બધું બની રહ્યું છે

તામિલનાડુનું રાજકારણ અટપટું છે. અહીં કોઈ એક પક્ષ બીજી વાર સત્તા મેળવી શક્યો નથી. કેટલાક અપવાદ જરૂર છે. પણ એમપીની જેમ જ અહીં બને છે. પણ ૨૦૨૬ની વિધાનસભાની ચૂંટણીએ આ રાજ્યમાં અનોખો બદલાવ આણ્યો છે. અભિનેતામાંથી મુખ્યમંત્રી બનેલા વિજયની પાર્ટી ટીવીકે હાલમાં સત્તા પર છે, જેના કારણે દશકો જૂનાં સમીકરણો તૂટી રહ્યાં છે.

જયલલિતાના અવસાન બાદ અન્નાડીએમકે તો તૂટી જ ગયો છે પણ હવે ડીએમકેમાં પણ ભંગાણ પડ્યું છે. ચૂંટણી પરિણામો પછી ડીએમકે એકલી પડી ગઈ છે. તેના પરંપરાગત સાથી પક્ષો જેવા કે કોંગ્રેસ વીસીલે અને આઈયુએમએલ એ ડીએમકેનો સાથ છોડી દીધો છે અને મુખ્યમંત્રી વિજયની સરકારમાં સામેલ થઈ ગયા છે. તાજેતરમાં જ વૈકોની પાર્ટીએ પણ 9 વર્ષ જૂનો ડીએમકે સાથેનો સંબંધ તોડી નાખ્યો છે.

પક્ષમાં ચાલી રહેલી ખેંચતાણ એટલી હદે વધી ગઈ છે કે બંને પક્ષો એકબીજા પર ગંભીર આક્ષેપો કરી રહ્યા છે. ડીએમકેના સંગઠન સચિવ આર. એસ. ભારતીએ રાજ્યપાલને ફરિયાદ કરી છે કે મુખ્યમંત્રી વિજય સત્તાનો દુરુપયોગ કરીને ડીએમકેના ચિહ્ન પર ચૂંટણી જીતેલા ધારાસભ્યોને રાજીનામું અપાવવા અને પોતાની તરફ ખેંચવા પ્રયાસ કરી રહ્યા છે. બીજી તરફ ટીવીકેના નેતાઓએ દાવો કર્યો છે કે ડીએમકેના પૂર્વ મંત્રી સેંથિલ બાલાજીના ઈશારે ટીવીકેના ધારાસભ્યોને રૂ .35 કરોડથી રૂ.50 કરોડ સુધીની ઓફર આપીને વિજય સરકારને તોડી પાડવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું હતું. આ મામલે પોલીસે 3 લોકોની ધરપકડ પણ કરી છે.

હવે વાત તો એવી આવી છે કે, ડીએમકેમાં મોટા પાયે ભંગાણ પડી શકે છે. ૧૦૦ જેટલા નેતાઓ ટીવીકેમાં જોડાઈ શકે છે. ભાજપ પણ લાંબા સમયથી ડીએમકેમાં ગાબડું પાડવા માટે તત્પર છે, પરંતુ દ્રવિડિયન રાજકારણના કારણે નારાજ નેતાઓ માટે ભાજપ કરતાં ટીવીકે વધુ સુરક્ષિત વિકલ્પ બની રહ્યો છે.

એનું કારણ એ છે કે, તમિલનાડુના સ્થાનિક નેતાઓ ભાજપની હિન્દુત્વવાદી વિચારધારા સાથે ખૂલીને જોડાતાં અચકાય છે. જ્યારે ટીવીકે સામાજિક ન્યાય અને બિનસાંપ્રદાયિકતાની વાત કરે છે, જે ડીએમકેના નેતાઓની મૂળ વિચારધારાની નજીક છે. વિજય તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે સત્તા પર હોવાથી, સત્તા અને પદની લાલસા ધરાવતા નેતાઓને ભાજપ કરતાં વિજયની સાથે જવામાં વધુ ફાયદો દેખાઈ રહ્યો છે.

વળી, તમિલનાડુમાં ડીએમકે વિરુદ્ધ ભારે એન્ટી-ઈન્કમ્બન્સી (સરકાર વિરોધી લહેર) હોવા છતાં, ભાજપ ત્યાં તેનો મોટો ફાયદો ઉઠાવી શક્યું નથી. ભાજપના તમામ પ્રયાસો અને આક્રમક રણનીતિઓ તમિલનાડુમાં નિષ્ફળ જવા પાછળ કેટલાંક મજબૂત રાજકીય અને વૈચારિક કારણો જવાબદાર છે.

ભાજપની સમસ્યા એ પણ છે કે, ભાજપ પાસે તમિલનાડુમાં જમીની સ્તરે સ્વીકૃતિ હોય તેવા મોટા નેતાઓનો અભાવ રહ્યો છે. જે એકમાત્ર મોટો ચહેરો ઉભરીને આવ્યો હતો તે કે. અન્નામલાઈ હતા, જેમણે યુવાનોને આકર્ષ્યા હતા. પરંતુ તાજેતરમાં જ તેમણે તમિલનાડુ ભાજપના પ્રમુખપદેથી રાજીનામું આપી દીધું અને પોતાની નવી મુવમેન્ટ શરૂ કરી દીધી.

અન્નામલાઈએ પોતે સ્વીકાર્યું કે ભાજપ જેવા રાષ્ટ્રીય પક્ષો દિલ્હીથી ઓપરેટ થાય છે અને તેઓ તમિલનાડુની સ્થાનિક ભાષા કે ટેમ્પરામેન્ટ સમજી શકતા નથી. તેમના ગયા પછી ભાજપમાં મોટું નેતૃત્વ વેક્યુમ (શૂન્યાવકાશ) સર્જાયું છે.

તમિલનાડુમાં રાજકીય નિર્ણયો 'દિલ્હીથી લેવાય છે' તેવી છાપ અને સ્થાનિક સ્તરે વિજયના રૂપમાં એક મજબૂત તમિલ ચહેરો ઉપલબ્ધ હોવાના કારણે, ડીએમકેના નારાજ નેતાઓ કે મતદારો ભાજપ તરફ જવા તૈયાર નથી.

પંજાબમાં આપ વિ. અકાલ તખ્ત

પંજાબમાં ભગવંત માનના નેતૃત્વવાળી આમ આદમી પાર્ટીની સરકાર હાલમાં અનેક મોરચે મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. વહીવટી, આર્થિક અને ધાર્મિક સ્તરે ઊભા થયેલા આ પડકારો પક્ષ માટે ચિંતાનો વિષય બન્યા છે. હાલમાં સરકાર માટે સૌથી મોટી મુશ્કેલી ધાર્મિક મોરચે ઊભી થઈ છે. પંજાબ સરકારે એપ્રિલ મહિનામાં બેઅદબી (પવિત્ર ગ્રંથોના અપમાન) વિરુદ્ધ આકરો કાયદો 'જગત જ્યોત શ્રી

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

> **ભાજપ પણ લાંબા સમયથી ડીએમકેમાં ગાબડું પાડવા માટે તત્પર છે, પરંતુ દ્રવિડિયન રાજકારણના કારણે નારાજ નેતાઓ માટે ભાજપ કરતાં ટીવીકે વધુ સુરક્ષિત વિકલ્પ બની રહ્યો છે**

ગુરુ ગ્રંથ સાહિબ સત્કાર (સુધારો) એક્ટ, 2026' પસાર કર્યો હતો.

શીખોની સર્વોચ્ચ ધાર્મિક સંસ્થા 'અકાલ તખ્ત' એ આ કાયદાની કેટલીક કલમો સામે સખત વાંધો ઉઠાવ્યો છે. તેમનો આરોપ છે કે સરકારે શીખ ધાર્મિક સંસ્થાઓ સાથે પરામર્શ કર્યા વિના આ કાયદો બનાવ્યો છે અને તેમાં કેટલીક કલમો એવી છે જે સામાન્ય શીખોમાં ડર પેદા કરે છે.

અકાલ તખ્તે આપ સરકારના તમામ શીખ મંત્રીઓ અને ધારાસભ્યોને તેડાવ્યા હતા અને આ કાયદામાં સુધારો કરવા માટે 1 મહિનાનું અલ્ટીમેટમ આપ્યું છે. જેના કારણે ભગવંત માન સરકારે બેકફૂટ પર આવવું પડ્યું છે અને કાયદો સુધારવાની ખાતરી આપવી પડી છે.બીજી બાજુ, 'આપ' સરકારે તાજેતરમાં જ કેન્દ્ર સરકારની ગ્રામીણ રોજગારી યોજનાને પંજાબમાં લાગુ કરવા માટે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ પક્ષ માટે મોટો યુ-ટર્ન છે કારણ કે થોડા મહિના પહેલાં જ પંજાબ વિધાનસભામાં આ યોજનાનો વિરોધ કરતો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

હવે અચાનક પક્ષ પલટાવતા કોંગ્રેસ અને ભાજપ જેવા વિપક્ષો આરોપ લગાવી રહ્યા છે કે મુખ્યમંત્રી ભગવંત માન કેન્દ્રની ભાજપ સરકાર સામે ઝૂકી ગયા છે અથવા તેમની વચ્ચે કોઈ 'ગુપ્ત ડીલ' થઈ છે. ઉપરાંત, પંજાબ સરકાર લાંબા સમયથી ગંભીર નાણાંકીય કટોકટીનો સામનો કરી રહી છે. મફત વીજળી અને અન્ય કલ્યાણકારી યોજનાઓનાં વચનો પૂરાં કરવાને કારણે રાજ્યની તિજોરી પર ભારે બોજ પડ્યો છે.

સરકારે પોતાના ચાલુ ખર્ચાઓ અને મૂડી ખર્ચને પહોંચી વળવા માટે વારંવાર બજારમાંથી નવું દેવું (ઋણ) લેવું પડી રહ્યું છે. તાજેતરમાં જ સરકારે ફરી 1500 કરોડની નવી લોન લેવાની પ્રક્રિયા હાથ ધરી છે, જેને લઈને આર્થિક મોરચે સરકાર ઘેરાયેલી છે.

ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટીએ પંજાબમાંથી નશાબંધી (ડ્રગ્સ) નાબૂદ કરવાનો મોટો વાયદો કર્યો હતો. જો કે, જમીની સ્તરે હજુ પણ ડ્રગ્સની હેરાફેરી અને ગેંગસ્ટર કલ્ચર સરકાર માટે મોટો પડકાર બનેલા છે. વિપક્ષી નેતાઓ સતત આરોપ લગાવે છે કે સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહી છે.

આ તમામ મુશ્કેલીઓ વચ્ચે પક્ષ માટે એકમાત્ર રાહતના સમાચાર તાજેતરમાં યોજાયેલી પંજાબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીનાં પરિણામો છે, જેમાં 'આપ' પક્ષે ૧૯૭૭માંથી ૯૫૮ વોર્ડ જીતીને સારો દેખાવ કર્યો છે. પરંતુ આગામી વિધાનસભા ચૂંટણીઓ આવતા વર્ષે થનાર છે એ પહેલાં સરકારે આ આંતરિક અને ધાર્મિક વિવાદો ઉકેલવા પડશે.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

## દુ:ખ કેમ આવે છે



એક દિવસ અર્જુને ભગવાન કૃષ્ણને પૂછ્યું, ''કેશવ, મને સમજાતું નથી કે હંમેશા સારા લોકોનાં જીવનમાં વધુ પીડા, દુઃખ, વેદના કેમ આવે છે?''

ભગવાન હસ્યા અને બોલ્યા, ''પાર્થ, જો તારે ઘોડાને ઝડપથી આગળ વધારવો હોય તો તું શું કરે છે?''

અર્જુને કહ્યું, ''તેને ચાબુક મારી ભગાવું છું.''

કૃષ્ણ ભગવાને પૂછ્યું, ''ખબર છે ને કે સોની આભૂષણ બનાવવા સોનાને અગ્નિમાં તપાવે છે અને લુહાર પણ લોખંડને ગરમ કરીને ઘાટ આપે છે.'' અર્જુને કહ્યું, ''હા એ તો કરવું જ પડે ને...''

કૃષ્ણ બોલ્યા, ''કુંભારને ઘડો બનાવતાં જોયો છે?''

અર્જુને કહ્યું, ''હા, હા, તે ચાકડા પર માટીના પિંડને મૂકે અને પછી ચાકડાને ગોળ ફેરવતાં આકાર આપે,ઉપરથી જાળવીને અને અંદરથી થપથપાવીને આકાર આપે અને પછી તૈયાર થયેલા કાચા ઘડાને ભઠ્ઠીમાં ગરમ કરી મજબૂત કરી પાકો બનાવે.''

ભગવાન કૃષ્ણ બોલ્યા, ''બસ, હું પણ આ સોની, લુહાર, કુંભાર અને ઘોડેસવાર જ છું!''

અર્જુને કહ્યું, ''આ શું, માધવ, તમે તો સાક્ષાત્ નારાયણ છો.''

ભગવાન કૃષ્ણ બોલ્યા, ''અરે પાર્થ, માણસને આગળ વધારવા મારે તેને કસોટીની ચાબુક મારવી પડે છે એટલે હું ઘોડેસવાર છું. સોની જેમ આભૂષણ ઘડવા સોનું પીગળાવે તેમ માણસને ઘડવા માટે મારે તેને મુશ્કેલીઓની આગમાં પીગળાવવો પડે છે. બરાબર ઘાટ આપવા પરેશાનીઓના હથોડાથી ટીપવો પડે છે એટલે હું લુહાર છું. કુંભાર જેમ થપથપાવીને ઘાટ આપે તેમ મારે માણસને કાળની થપાટો આપી ઘડવો પડે છે અને દુઃખની આગમાં તપાવીને મજબૂત બનાવવો પડે છે.''

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

અર્જુને કહ્યું, ''પણ પ્રભુ...આ બધું બરાબર, પણ જે માણસો સારા હોય તેમને કેમ વધુ દુઃખ સહન કરવાનું આવે છે? તેમનો કોઈ વાંક નથી હોતો છતાં દુઃખ સહન કરવું પડે છે આવો અન્યાય કેમ?''

ભગવાન કૃષ્ણ બોલ્યા, ''એવું નથી પાર્થ, બધી કર્મની ઘટમાળ છે અને આજે જે દુઃખ સહન કરે છે એવું લાગે છે પણ હકીકતમાં હું તેને વધુ ને વધુ મજબૂત બનાવી રહ્યો હોઉં છું. હું તેના જીવનને સુંદર ઘાટ આપી રહ્યો હોઉં છું અને આ બધું હું પોતે જ કરું છું એટલે સારા માણસોના દુઃખમાં હું તેમની સાથે જ હોઉં છું.ક્યારેય તેમને એકલા મૂકતો નથી.''

# સોનમ વાંગચુક NEET પેપરલીક પ્રોટેસ્ટમાં જોડાતા લડાખનો મુદ્દો રાષ્ટ્રીય સ્તરે

કેન્દ્ર સરકાર સાથે 22 મે, 2026ના કરાર પછી સૈદ્ધાંતિક રીતે સ્વીકૃત કરાયેલી સમજૂતીની કેટલીક મહત્વની કલમો પરથી કેન્દ્ર સરકાર ફરી જતાં લડાખવાસીઓનો ટૂંકો આનંદ આંચકાઈ ગયો છે, તેવામાં શિક્ષણવિદ્ અને પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના યુવાનોને લગતા મુદ્દાઓને વેગ આપીને લડાખના પ્રશ્નને એક નવો વળાંક આપ્યો છે.

તેઓ NEET અને અન્ય પરીક્ષાઓના પેપર વારંવાર લીક થવા સામે CJPના વિરોધ પ્રદર્શનને આગલા સ્તર પર લઈ જવા માટે છ યુવા કાર્યકર્તાઓ સાથે દિલ્હીના જંતર-મંતર ખાતે અનિશ્ચિત મુદતના ઉપવાસ પર ઉતર્યા છે. તેમની એકમાત્ર માગણી શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની છે, જેમના કાર્યકાળ દરમિયાન પરીક્ષાના પેપર લીક થવાની ઘણી ઘટનાઓ બની છે.

વાંગચુક બહાદૂર હોવાની સાથે ચતુર પણ છે જેઓ શાંત અને ગણતરીપૂર્વકની શૈલીમાં પોતાના શબ્દો ખૂબ જ કાળજીપૂર્વક પસંદ કરે છે. તેમણે તંત્ર દ્વારા તેમને બદનામ કરવાના પ્રયાસો છતાં લડાખના પ્રશ્નને આગળ ધપાવવામાં જ નહીં, પરંતુ શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ અને વર્તમાન સરકારની ઉદાસીનતાને કારણે ઝેન-ઝી ભોગવી રહેલી પીડાના મોટા મુદ્દામાં જોડાવા માટે પણ અદભુત દ્રઢ સંકલ્પ દર્શાવ્યો છે. અત્યંત આઘાતજનક બાબત એ છે કે, સરકારે મોટા સુધારાઓ તરફના વિશ્વાસ નિર્માણના પગલા તરીકે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવાની માગ સ્વીકારવાને બદલે NEET પરીક્ષા ફરીથી લેવા માટે સેના અને વાયુસેનાની મદદ લીધી. આ સત્તારૂઢ પક્ષ દ્વારા પોતાની નિષ્ફળતાનો એક સ્પષ્ટ સ્વીકાર છે. એમાં કોઈ શંકા નથી કે CJPના આંદોલનમાં તેમની હાજરી અને શિક્ષણ એ સમાજ તેમજ રાષ્ટ્રના વિકાસના કેન્દ્રમાં છે તે વાતના પુનરોચ્ચારે આ ચળવળને તાકાત આપી છે, જે હવે તેના બીજા તબક્કામાં પ્રવેશી ચૂકી છે. આનો અર્થ એ નથી કે દેશભરમાંથી એકત્ર થઈ રહેલા અથવા પોતપોતાના વિસ્તારોમાં પ્રદર્શન કરીને પ્રધાનના રાજીનામાની માગ કરી રહેલા યુવા કાર્યકર્તાઓના યોગદાનને ઓછું આંકવામાં આવી રહ્યું છે. જો કે લડાખ (લેહ અને કારગિલ વિભાગ)ના લોકો છેલ્લા કેટલાક સમયથી પોતાના અધિકારો માટે લડી રહ્યા છે, પરંતુ આ મુદ્દા તરફ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયાનું ધ્યાન બહુ ઓછું ખેંચાયું હતું. ચીન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરની સરહદને અડીને આવેલા તેમજ મધ્ય એશિયાથી બહુ દૂર ન હોય તેવા લડાખના વ્યૂહાત્મક અને ભૌગોલિક-રાજકીય સ્થાન હોવા છતાં આવું થયું અને તેમની રાષ્ટ્રવાદી છબી શાંતિ અને યુદ્ધ બંને સમયે વારંવાર ભારપૂર્વક પ્રતિબિંબિત થઈ છે. જંતર-મંતર પર બેસીને વાંગચુક મોટે ભાગે CJPની રણનીતિને અનુરૂપ વિદ્યાર્થીઓ અને યુવાનોની ચિંતાઓ વિશે વાત કરી રહ્યા છે, પરંતુ રાષ્ટ્રીય રાજધાનીના મંચ પર તેમની હાજરી, જ્યાં સમગ્ર વિશ્વની નજર આ યુવા આંદોલન પર ટકેલી છે, તે જાણી જોઈને અથવા અજાણતા લડાખના મુદ્દાને લાઈમલાઈટમાં લાવે છે. કદાચ, તેમણે રાષ્ટ્રીય પ્લેટફોર્મ પર આ મુદ્દાને શાંતિથી રજૂ કરવા માટે CJPનો માર્ગ પસંદ કર્યો છે.

શિક્ષણ મંત્રીને હટાવવા અંગે કેન્દ્રની એટલે કે વડા પ્રધાન મોદીની અનિચ્છાને પગલે CJPએ આ જ સ્થળે પોતાના આંદોલનનો બીજો તબક્કો શરૂ કર્યો તેને 1 અઠવાડિયાથી વધુ સમય વીતી ગયો છે, ત્યારે વહીવટીતંત્ર વીજળી અને પાણીનો પુરવઠો કાપી નાખવા તથા પ્રદર્શનકારીઓને શૌચાલયની સુવિધાઓથી વંચિત રાખવા સિવાયની પરિસ્થિતિને ખૂબ જ શાંત અને ગણતરીપૂર્વક સંભાળી રહ્યું છે. હવે એ જોવાનું રહેશે કે જેમ જેમ વાંગચુક અને અન્ય યુવા કાર્યકર્તાઓના અનિશ્ચિત મુદતના ઉપવાસ આગળ વધશે તેમ સરકાર કેવી પ્રતિક્રિયા આપશે.

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

> **શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ સાથે જંતર-મંતર પર ગાંધીવાદી માર્ગે લડત અને ભવિષ્યના પડકારો સામે વાંગચુક અડગ**

અગાઉ, કેન્દ્ર સાથેના કરારે લડાખમાં મુખ્યમંત્રી જેવી વ્યવસ્થા દ્વારા ચૂંટાયેલી વિધાનસભા સાથે પ્રજાનું શાસન લાવવાની પદ્ધતિ મળશે તેવી આશાઓ જગાવી હતી. હાલમાં તે કેન્દ્રશાસિત પ્રદેશ છે જે 5 ઓગસ્ટ, 2019ના રોજ તત્કાલીન જમ્મુ અને કાશ્મીર રાજ્યનો દરજ્જો ઘટાડીને તેને બે કેન્દ્રશાસિત પ્રદેશો લડાખ અને જમ્મુ-કાશ્મીરમાં વિભાજિત કર્યા પછી અસ્તિત્વમાં આવ્યો હતો.

ગૃહ મંત્રાલય (MHA) સાથેની પેટા સમિતિની બેઠક દરમિયાન, કેન્દ્ર સરકારે કલમ 371 ની જોગવાઈઓ હેઠળ લડાખ માટે બંધારણીય સુરક્ષા પર વિચાર કરવા સૈદ્ધાંતિક રીતે સંમતિ આપી હોવાના અહેવાલ હતા. જો કે, લડાખ માટે કાયદાકીય, કારોબારી અને નાણાકીય સત્તાઓ ધરાવતું લોકશાહી માળખું અને મુખ્ય સચિવ સહિતની અમલદારશાહી લડાખના લોકોની આગેવાની હેઠળની કારોબારી હેઠળ કામ કરે તેવી મહત્વપૂર્ણ માંગણીઓ મુસદ્દા કરારમાંથી ગાયબ થઈ ગઈ હતી.

આ પૃષ્ઠભૂમિમાં CJPના કાર્યકર્તાઓ સાથે સ્ટેજ શેર કરવા માટે જંતર-મંતર પર વાંગચુકના આગમનથી લડાખના મુદ્દાને શાંતિથી એક નવો આયામ મળ્યો છે. પોતાના વિરોધ-ઉપવાસ શરૂ કર્યા પછીના ઈન્ટરવ્યુમાં તેમણે સ્પષ્ટ સંકેતો આપ્યા હતા કે તેઓ લાંબી લડત માટે તૈયાર છે અને તેઓ કોઈ પણ તરફથી આવતા દબાણથી ડરતા નથી.

એમાં કોઈ શંકા નથી કે અધિકારો અને શિક્ષણ પર ભાર મૂકવાની સાથે લડાખ અને હવે વિદ્યાર્થીઓ તેમજ યુવાનોના મુદ્દા બંને પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા અડગ છે. લડાખમાં અને હવે નવી દિલ્હીમાં પણ તેમનું વક્તવ્ય કોઈ પણ પ્રકારના રાજકીય પ્રદર્શનથી મુક્ત રહ્યું છે, જો કે તેમના વિરોધીઓ તેમના પર રાજકીય મહત્વાકાંક્ષાઓથી પ્રેરિત હોવાનો આરોપ લગાવતા રહ્યા છે. વાસ્તવિકતા એ છે કે તેમણે ભૂતકાળમાં અસફળ રીતે ચૂંટણી લડી હતી અને ભવિષ્યમાં પણ આવું કરવા ઈચ્છી શકે છે. તેમ કરવું તેમના બંધારણીય અધિકારોની અંદર જ છે.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સુરતમાં પહેલા વરસાદનો છાંટો

વૈશાખમાં કેરીની સીઝન શરૂ થાય. લગ્ન સીઝન પુરી થાય અને જેઠ મહિનાના પ્રારંભે વરસાદ ની શરૂઆત થાય ત્યારથી સુરતમાં ઘરે ઘર સરસિયા ખાજા બનાવવામાં આવતા અને દુકાનોમાં ખાજાનું વેચાણ ચાલુ થતું હતું. ખાજા કેરીના રસ સાથે ખાવામાં આવે છે.પહેલાના સમયમાં સરસવના તેલમાં ખાજા બનતા હતા હોવાથી તે 'સરસિયા ખાજા' તરીકે ઓળખ બની. ખાજામાં મરી નાંખવામાં આવે છે આથી ખાજાનો ગુણધર્મ તામસ હોય છે.જ્યારે કેરીનો રસનો ગુણધર્મ ઠંડો હોવાથી કેરીનો રસ અને ખાજાનું કોમ્બિનેશન સુરતીઓના સ્વાસ્થ્ય માંટે અનુકૂળ છે. સુરતીઓ જેઠ મહિનામાં 'કેરીગાળો' કરે છે.જેમાં કેરીનો રસ અને ખાજા મુખ્ય જમણ હોય છે.ખત્રી જ્ઞાતિમાં કેરીગારામાં કેરીના રસ અને ખાજા સાથે નોનવેજ'તપેલું' ચોક્કસ હોય છે. ઝરમર વરસાદ પડતો હોય ત્યારે સુરતીઓ ખાજા પર લીંબુ છાંટી ખાય છે. આ હતી વાત અસ્સલ સુરતની અને સુરતીઓના ખાણી પીણીના સમય અને સીઝનની. આજે સુરત એક પચરંગી શહેર બની ગયું હોવાથી ખાજા પણ બારેમાસ વેચાતા થઈ ગયા છે.આજે પણ તળસુરતીઓએ થોડા અપવાદને બાદ કરતાં સીઝન પ્રમાણે ખાવા પીવાની પરંપરા જાળવી રાખી છે.

**સુરત -કિરીટ મેઘાવાલા**

## ડોગ બાઈટના કિસ્સાઓ વધતા જાય છે!

એવું જ્ઞાત છે કે, અસલ રાજાઓ 'મૃગયા' કરવા જતા. હરણનો શિકાર કરવા કેમ? હરણાઓની વસ્તી એટલી વધી ગઈ હતી કે, અનાજના ખેતરોના ખેતરો ખલાસ થઈ જતા. ત્યારે તે વખતના ઋષિ મુનિઓએ હરણને મારી નાંખવાની છૂટ આપી હતી પણ ટ્રસ્ટ રાજ જ હરણનો શિકાર કરી શકે તેને 'મૃગયા' કહે. આમ હરણના બલિદાનની કદર રૂપે તેના આમડાને પવિત્ર ગણ્યું અને તેને મંદિરમાં સ્થાન આપ્યું. હમણાં સમાચાર વાંચ્યા કે માનવ વસ્તીમાં દિપડા ખોરાકની શોધમાં ન આવે તેને માટે સુરત જિલ્લામાં જંગલોમાં હરણા લાવવામાં આવ્યાં, જેથી દિપડા તેનો શિકાર મેળવી શકે. તેથી વિચાર એવો આવ્યો કે, સુરતમાં આમ પણ કૂતરાઓની વસ્તી હદ બહાર વધી ગઈ છે. ડોગ બાઈટના રોજ રોજ કિસ્સાઓ વધતા જાય છે. કૂતરા કરડવાની બાળકોના મૃત્યુ પણ થાય છે. તો દિપડાના શિકાર માટે કૂતરાઓ જ પકડીને તેના ખોરાકની જરૂરિયાત સંતોષાયા કૂતરાની વસ્તી ઓછી થશે તો લોકોની દૂઆ પણ મળશે.

**સુરત -પ્રફુલ કંસારા**

## વારંવાર ફૂટતા પ્રશ્નપત્રો

દર વર્ષે દેશની નાની મોટી શિક્ષણ સંસ્થાના પેપર ફૂટવાના બનાવો બનતાં જ રહે છે. જ્યારે પેપર ફૂટે છે ત્યાર પછી સરકાર જાહેર કરીને બાંહેધરી આપે છે કે હવે પેપર નહીં ફૂટે. છતાં જાણે નિયમ બની ગયો હોય તેમ પેપર ફૂટ્યા જ કરે છે. હમણાં નીટ યુજીના પેપર હેક દોઢ મહિના પહેલાં લીક થઈ ગયાં હતાં. યુવાન વિદ્યાર્થીઓનાં માનસ ખૂબ સંવેદનશીલ હોય છે. પરીક્ષા રદ થાય તો અમુકને લાગે કે જિંદગી હારી ગયાં. દેશના અલગ અલગ પ્રદેશોમાં ચાર વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી. આમ પેપર લીક થાય એ વિદ્યાર્થીઓનો પ્રાણપ્રશ્ન બની ગયો છે. વિદ્યાર્થીઓના ભાવિ સાથે ખેલવાનો કોઈને અધિકાર નથી. ભ્રષ્ટાચાર અને ધનલાલચુ વ્યક્તિઓ સાચા અર્થમાં દેશ પ્રત્યે વફાદાર ન બને ત્યાં સુધી પેપરો તો ફૂટ્યા જ કરશે અને વિદ્યાર્થીઓના ભાવિ હતાશામાં ગરકાવ થઈ જશે એમાં કોઈ બેમત નથી.

**સુરત -શીલા ભટ્ટ**

## અંધ ધાર્મિકતા

આપણો દેશ રામાયણ, મહાભારત, ગીતા, વેદો, ઉપનિષદો પર આધારિત સંસ્કૃતિ ધરાવતો દેશ છે. પરંતુ ભારત બ્રાહ્મણવાદના વર્ચસ્વ હેઠળ આવ્યા પછી ચારેકોર મંદિરો બંધાવા લાગ્યા. લોકોની ભગવાન પ્રત્યેની આસ્થા અને શ્રદ્ધાને કારણે મંદિરોની આસપાસ દુકાનો, હોટલો ઊભી થઈ. જે સામાન્ય જન માટે આવકનું સાધન બની શક્યુ. પરંતુ આપણા અંધ ધર્મભક્તો લાખોની સંખ્યામાં મંદિરોમાં દાન આપવા લાગ્યા. કરોડોનું સોનું, ચાંદી, મંદિરોમાં એકઠું થવા લાગ્યું. આ દાનનો, ધનનો ઉપયોગ કેટલાક ટ્રસ્ટી મંડળોએ હોસ્પિટલો, બનાવી, ગૌશાળાઓ બનાવી લોકકલ્યાણના કાર્યો કરવામાં આવ્યા. પરંતુ હાલ હવે આપણા મંદિરોમાં ચોરી થવા માંડી છે. ચોર કોઈ બહારના નહીં, પણ અંદરના જ વહીવટકર્તાઓ ખુલ્લેઆમ ચોરી કરવા માંડ્યા છે જેનો નમૂનો રામમંદિર છે. તમારા દાનનો સદઉપયોગ થવો જોઈએ. લોકકલ્યાણમાં વપરાવા જોઈએ. મંદિરમાં બેઠેલો એક જ ભગવાનને તમે કેટલુ આપી શકો? આ ધન ભગવાન વાપરે છે? તમારુ ધન શિક્ષણ પાછળ વપરાય તેમાંથી તમારા ધનની વૃદ્ધિ થશે. રાષ્ટ્રનો વિકાસ થશે. યુવાધનને પ્રોત્સાહન મળશે.

**સુરત -ગોપાલ આર. પરમાર**

## સુરતની આ સમસ્યામાંથી છુટકારો ક્યારે મળશે?

આમ તો સોશ્યલ મીડિયામાં ઘણા મેસેજો ફરે છે કે ભિખારીઓને માંગવાવાલાને રોકડા પૈસા ભીખમાં આપવા નહીં. જો એમને ભૂખ લાગી હોય તો નજદીકની દુકાન લારી પરથી નાસ્તો અપાવી દેવો. તમે વાહન લઈને બહાર નીકળો તો જ્યાં વધુ ટ્રાફિક હોય ત્યાં સિગ્નલો હોય છે. આપણે ફરજિયાત ૩૦ સેકંડ કે ૬૦ સેકંડ ઊભા રહેવું પડે છે. ત્યાં તમારી કાર કે એક્ટિવા નજીક તરત જ હાથમાં નાનું મેલુંઘેલું બાળક અને દૂધની બોટલ લઈને દયામણા ચહેરે મહિલાઓ ભીખ માંગતી નજરે પડે છે. કેટલાંક નાનાં બાળકો દીકરા કે દીકરીઓ જેમની ભણવાની ઉંમર છે તે એક હાથમાં વાયપર અને બીજા હાથમાં સાબુના પાણીની બોટલ લઈ તમારી ગાડીનો કાચ સાફ કરવાનો અભિનય કરી પૈસા માંગે છે.સુરતનાં તમામ મેઈન સિગ્નલો પર આ રોજની વગર કામની હેરાનગતિ છે. નજીક ઊભેલા ટ્રાફિક પોલીસના માણસો વાતો કરવામાંથી ક્યાં વાહનચાલકો પાસેથી કેવી રીતે કેટલા પૈસા કઢાવવા એમાં એમના બિઝનેસમાં મશગુલ હોય છે. એમનું ધ્યાન આ બધા પર હોતું જ નથી. એને જો હોય તો એ લોકો કંઈ બોલતા નથી. પોલીસ કમિશનર સાહેબને બધા સુરતીઓ વતી હું નમ્ર વિનંતી કરું છું કે સાહેબ આ આપ સુરતના વ્યસ્ત ચાર રસ્તા પર પધારો અને આપ રૂબરૂ જુવો સાહેબ.આ રોજેરોજની હેરાનગતિથી વાહનચાલકોને મુક્ત કરો.

**સુરત -અબ્બાસભાઈ કૌકાવાલા**

## અયોધ્યાના રામમંદિરમાં દાન આપતા પહેલાં વિચારજો

અયોધ્યા રામમંદિરમાં ભક્તો દ્વારા અપાયેલા દાનની ચોરી પકડાઈ છે. આ લગભગ 200 કરોડની ઉચાપચ થઈ છે. એક કાર્યકર સંતોષ દૂબેના જણાવ્યા મુજબ સોના-ચાંદીની પાટો પણ ગાયબ થઈ ગઈ છે. FIRમાં મંદિરના મહાસચિવ ચંપટરાયના ડ્રાઈવર ટીન્નું (રમાશંકર યાદવ) સહિત 8 આરોપીઓની ધરપકડ પોલીસે કરી છે. SIT દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં લગભગ 80 લાખ આવતી આટલી મોટી રકમની યોગ્ય વ્યવસ્થા કરવામાં કેમ નિષ્ફળ ગયા? 200 કરોડ જેટલી રકમ જો અયોધ્યાના જ વિકાસ માટે વપરાઈ હોત તો ત્યાંના બધા જ રસ્તા RCCના થઈ શક્યા હોત અથવા ત્યાં કેન્સર, કિડની કે લીવરના રોગો માટેની અદ્યતન હોસ્પિટલ બનાવી શક્યા હોત અથવા યુ.પી.ના અંતરિયાળ અવિકસિત ગામોનો વિકાસ થઈ શક્તે! રામમંદિર ટ્રસ્ટ સાથે સંકળાયેલા અને ચોરીમાં સામેલ વ્યક્તિઓના નૈતિક અધઃપતનની આ પરાકાષ્ઠા છે. આ તીર્થ ક્ષેત્રના ટ્રસ્ટના મહાસચિવ ચંપટરાય અને ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રાએ રાજીનામું આપીને આ કૌભાંડમાંથી છટકવાનો પ્રયાસ કર્યો છે. વકીલોની કુનેહથી આ આરોપીઓ કદાચ છૂટી જશે, પણ ભગવાન રામ તેમને માફ કરશે. ખરા?

**સુરત -ડૉ. કિરીટ એન. ડુમસિયા**